જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩/૧/૨૦૧૭ મંગળવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ- સમાચાર યાદી નં.૧૪/૧૭

### મકરસંક્રાન્તીના તહેવારમાં વપરાતી પ્રતિબંધીત ચાઇનીઝ બનાવટની તુક્કલોનો મોટા જથ્થો ઝડપી પાડતી અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચ

છેલ્લા કેટલાક વર્ષો થી સ્કાઇ લેન્ટર્ન (ચાઇનીઝ તુક્કલ) ઉડાડવાની પ્રથા શરૂ થયેલ છે. આવા પ્રકાર ના સ્કાઇ લેન્ટર્ન (ચાઇનીઝ તુક્કલ) ઉડાડવા થી કોઇ મોટી દુર્ઘટના અથવા જાન હાની નો બનાવ બની શકે તેમ હોય જે જાહેર સલામતી અને સુરક્ષા માટે જોખમ રૂપ હોય સ્કાઇ લેન્ટર્ન (ચાઇનીઝ તુક્કલ) ના ઉપયોગ થી પર્યાવરણ ને પણ નુકશાન થતુ હોય જેથી અમદાવાદ શહેરને જાહેર સલામતી અને સુરક્ષાને ધ્યાને લઇ પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેર નાઓએ અમદાવાદ શહેર હદ વિસ્તાર માં આવેલ જગ્યાઓએ સ્કાઇ લેન્ટર્ન (ચાઇનીઝ તુક્કલ) ના આયાત ઉત્પાદન, વેચાણ, વેપાર, અને ઉડાડવા પર પ્રતિબંધ મુકી જાહેરનામું તા- ૨૦-૧૨-૨૦૧૬ થી તા- ૩૧-૦૧-૨૦૧૭ સુધીનું બહાર પાડેલ જે જાહેરનામા નો ચુસ્તપણે અમલ થાય તે સારૂ પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરનાઓની સુચના અનુસાર કડક કાર્યવાહી કરવા સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી જે.કે.ભટ્ટ સાહેબ નાઓએ આપેલ સુચના અનુસાર નાયબ પોલીસ કમિશ્નર શ્રી દીપન ભદ્રન સાહેબ નાઓએ ખાસ ડ્રાઈવનું આયોજન કરેલ અને મદદનીશ પોલીસ કમિશ્નર બ્રાન્ચ શ્રી આર.બી.પટેલ સાહેબ તથા શ્રી સી.એન.રાજપુત સાહેબનાઓના માર્ગદર્શન હેઠળ એન્ટી પ્રોપર્ટી સ્કવોડ-૧ ના પોલીસ સબ ઈન્સપેક્ટરશ્રી બી.એચ.કોરોટ નાઓ તેમના સ્ટાફના માણસો સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગ દરમિયાન બાતમી આધારે ગોમતીપુર ખાતેથીમ.નં.૨૫૫ પઠાણની ચાલી, હરીભાઈ ગોદાણીના દવાખાના પાસે, ગોમતીપુર, અમદાવાદ ખાતે રહેતાપ્રહલાદભાઈ અશોકભાઈ પટણીનાઓ પાસે થી ચાઈનીઝ બનાવટની પ્રતિબંધીત તુક્કલો કુલ નંગ-૭૦૦ કિ.રૂ.૭૦૦૦/- સાથે પકડી પાડેલ છે. અને તુક્કલ કબ્જે કરી આગળ ની કાયદેસરની કાર્યવાહી કરવા ગોમતીપુર પોલીસ સ્ટેશન ખાતે સોંપેલ છે. આરોપીની પુછપરછ દરમિયાન જાણવા મળેલ કે આ તુક્કલો પોતે સને ૨૦૧૬ ના જાન્યુઆરી માસ માં સીઝનેબલ વેચાણ કરવા લાવેલ હતો જેમાં ની વધેલ તુક્કલો પોતે ચોરી છુપી થી વેચાણ કરતો હતો. આ ગુન્હાની આગળ ની વધુ તપાસ ગોમતીપુર પોલીસે હાથ ધરેલ છે.

### અમદાવાદ શહેર ખાતે થી તડીપાર થયેલ ઇસમને તેના સાગરીત સાથે ચોરીના મોટર સાયકલ તથા એકટીવા સાથે ધરપકડ કરતી અમદાવદ ક્રાઇમ બ્રાન્ચ

અમદાવાદ શહેર વિસ્તાર માં કાયદો અને વ્યવસ્થા જાળવણી રહે અને મિલક્ત સબંધી ગુન્હા બનતા અટકાવવા તથા શોધી કાઢવા સારૂ સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી જે.કે.ભટ્ટ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી દીપન ભદ્રન સાહેબ નાઓએ આપેલ સુચના અનુસંધાને મદદનીશ પોલીસ કમિશ્નર ક્રાઈમ બ્રાન્ચ શ્રી આર.બી.પટેલ સાહેબ તથા શ્રી સી.એન.રાજપુત સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ એન્ટી પ્રોપર્ટી સ્કવોડ-૧ ના પોલીસ સબ ઈન્સપેક્ટર શ્રી બી.એચ.કોરોટ નાઓ તેમના સ્ટાફના માણસો સાથે



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગ દરમિયાન બાતમી આધારેનોબલનગર પોલીસ ચોકી પાસે આવેલ કોતરપુર વોટર વર્ક બસસ્ટેન્ડ પાસે ના ત્રણ રસ્તા ખાતે થી (૧) વિકાસ @ બંગાળી સ/ઓ નિતેશભાઇ બોજ ઉ.વ.૨૪ રહે- ખોડીયાર નગર વિ-૩, નોબલનગરની બાજુમાં, સરદારનગર, અમદાવાદ તથા (૨) સુરૂ @ સુર્યા સ/ઓ સાજનભાઇ ગઢવી ઉ.વ.૨૦ રહે- ચારણવાસ ના છાપરા, ગાયત્રી સ્કુલની પાછળ, "એ" વોર્ડ, કુબેરનગર, અમદાવાદનાઓને એક યામાહા એફ્ઝેડ મોટર સાયકલ તેમજ એક હોન્ડા એકટીવા સાથે ઝડપી પાડેલ જેમાં આરોપી વિકાસ @ બંગાળી સ/ઓ નિતેશભાઇ બોજનાઓ સરદારનગર ખાતે થી ગઇ તા-૧૧/૦૫/૨૦૧૫ નારોજ અમદાવદ પોલીસ કમિશનરશ્રી ના તડીપાર હુકમ નંબર- પીસીબી/હદય/૭૨/૧૫ થી તડીપાર કરેલ હોવા છતાં કોઇ પણ જાત ની નામદાર કોર્ટ ની કે સમક્ષ અધિકારીની પરવાનગી વગર અમદાવાદ શહેર હદ વિસ્તર માં પ્રવેશ કરી તડીપાર નો ભંગ કરતા સદરી વિરૂધ્ધ કાયદેસર ની કાર્યવાહી કરવામાં આવેલ છે. તેમજ તેઓ પાસેથી મળી આવેલ મોટર સાયકલ તથા એકટીવા સબંધ માં તપાસ કરતા બન્ને વાહનો સરદારનગર પોલીસ સ્ટેશન હદ વિસ્તાર માંથી ચોરી કરેલાની કબુલાત કરેલ છે. તેમજ આરોપી વિકાસ @ બંગાળી સ/ઓ નિતેશભાઇ બોજ નાઓએ તેના સાગરીત પરેશ છારા સાથે મળી સરદારનગર વિસ્તાર માં એક મહીલાની ચૈઇન સ્નેચીંગ કરેલાની કબુલાત કરેલ છે. જે આરોપીઓની વધુ તપાસ પો.સ.ઇ. શ્રી બી.એચ.કોરોટ નાઓ કરી રહેલ છે.

## ત્રણ દેશી પિસ્તોલ સાથે પરપાંતના આરોપીને ઝડપી પાડતી ક્રાઇમ બ્રાન્ચ

સંયુકત પોલીસ કમિશ્નરશ્રી, ક્રાઇમ બ્રાન્ચ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ક્રાઇમ બ્રાન્ચ તથા મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી, ક્રાઇમ બ્રાન્ચ, અમદાવાદ શહેર નાઓએ અમદાવાદ શહેરમાં થતી ગેરકાયદેસરના હથીયારોની હેરાફેરી અટકાવવા આપેલ સુચના આધારે પો.ઇન્સ.શ્રી એસ.એલ.ચૌધરી ક્રાઇમ બ્રાન્ચ નાઓ તથા પો.ઇ.ડી.એસ.ગોહિલ, જે.એમ.પટેલ, તથા સ્ટાફના માણસો અમદાવાદ શહેરમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન તા.૧.૧.૧૭ ના રોજ પો.કો.વિક્રમસિંહ નાઓને મળેલ ચોકકસ બાતમી હકિકત મળેલ કે "એક ઇસમ કેટલાક ગેરકાયદેસરના હથિયારો તથા કારતુસો રાખી રીવરફ્રન્ટ રેલ્વેબ્રીજ નીચે થઇ રીવરફ્રન્ટ તરફ જવાનો છે જે હકીકત આધારે કલાક ૨.૦૦ વાગે સાબરમતી રીવરફ્રન્ટ રોડ રેલ્વે બ્રિજનીચે જાહેરમાં રોડ ઉપરથી આ કામના આરોપી વિજ્ય ઉર્ફે ચંદન ડ/o રામસ્વરુપ પાસવાન ઉવ ૩૦ રહે હાલ પ્રિયંકા સોસાયટી ગ્રામભારતી તા.જી.ગાંધીનગર મુળ રહે ગામ મજગામા થાના પ્રતાપુર તા.પ્રતાપુર જી.ચતરા ઝારખંડ નાને દેશી હાથ બનાવટની પિસ્તોલ નંગ ઃ ૩ કિમંત રુ.૩૦,૦૦૦/ તથા કારતુસ નંગ ૪ કિ.રુા ૪૦૦/ સાથે મળી કુલ ૩૦,૪૦૦/૦૦ ના મુદ્દામાલના હથીયારો પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરેલ છે સદરી પાસેથી મળેલ હથીયાર નવટર ચીગલીધર પાસેથી લાવેલ હોવાનુ જણાવેલ છે જેની શોધખોળ હાથ ધરેલ છે.

## સને-૨૦૦૪માં વિરમગામ પોલીસ સ્ટેશનની હદમાં પોતાના ભાભીના ખુનના ગુનામાં પાકા કામનો કેદીછેલ્લાસાત વર્ષથીપેરોલ જમ્પકરી નાસતો ફરતો હોઇ ફર્લો જમ્પ કેદીને પકડી પાડતી સાયબર સેલ ક્રાઇમ બ્રાન્ચ,અમદાવાદ શહેર

સં.પો.કમિ.શ્રી જે.કે.ભટ્ટ તથા ના.પો.કમિ.શ્રી દીપન ભદ્રન ક્રાઇમ બ્રાન્ચ નાઓની સુચના મુજબ મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી ડો.રાજદીપસિંહ ઝાલા ની સુચના અને પો.ઇ.શ્રી જે.એસ.ગેડમના માર્ગદર્શન હેઠળ પો.સ.ઇ. જે.એમ.જાડેજા સ્ટાફના માણસો સાથે જેલમાંથી પેરોલ ફર્લો જમ્પ કરી નાસતા ફરતા આરોપીઓને પકડવા સારૂ પેટ્રોલીંગમાં હતા દરમ્યાન હે.કો.સેલાભાઇ રાહાભાઇ તથા



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

પો.કો. ભગીરથસિંહ જટુભાનાઓની બાતમી આધારે સાબરમતી મધ્યસ્થ જેલમાં વિરમગામ પો.સ્ટે.ખુન કેસમાં પાકા કામના કેદી દિનેશ બાબુભાઇ પાટડીયા ઉ.વ.૩૫ રહે ગામ સુરજપુરા તા.પાટડી જી. સુરેન્દ્રનગર નાને આજરોજ તા.૦૩/૦૧/૨૦૧૭ ના કલાક ૧૨/૦૦ વાગે શકરીબા એસ્ટેટ રામોલ ખાતેથી પકડી પાડવામાં આવેલ છે.

સદરી આરોપીની પુછપરછ કરતા જણાવેલ છે કે સને ૨૦૦૪ માં પોતે તથા પોતાના પિતા તથા ત્રણ ભાઇઓ તથા ભત્રીજા સાથે વિરમગામ ભોજવા ગામ ખાતે પોતાની ભાભી નામે જીવીબેન સાથે ચાલતા ઝગડાની અદાવત દરમ્યાન ખુન કરેલ અને વિરમગામ સેશન્સ કોર્ટમાં કેસ ચાલી જતા જનમટીપની સજા પડતા સાબરમતી સેન્ટ્રલ જેલ ખાતે સને ૨૦૦૪ થી પાકા કામના કેદી તરીકે સજા કાપી રહેલ છે અને સને ૨૦૦૯માં દિન-૧૫ની ફર્લો રજા મંજુર થયેલ અને રજા પુરી થતા પરત જેલ ખાતે હાજર થયેલ નહિ અને ત્યારથી જ નાસતો ફરતો હોવાનું જણાવેલ છે. જેથી સદરીને પરત સાબરમતી સેન્ટ્રલ જેલ ખાતે સોંપવા તજવીજ કરવામાં આવેલ છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)